ગાંધીનગર સમાચાર


# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

સૂર્ય સાથે વાત કર ઝાકળ વતી,
તેજ ભીની જાત કર ઝાકળ વતી.

તૃણ સાથે વાત થોડી થઈ શકે,
એટલી નિરાંત કર ઝાકળ વતી.

મ્હેક અળગી થાય ત્યારે થાય શું?
પુષ્પ સાથે વાત કર ઝાકળ વતી.

સૂર્યના પ્હેલા કિરણને પામવા,
જાતની સોગાત કર ઝાકળ વતી.

દર્શક આચાર્ય

## પાથેય

- રમેશ ઠક્કર

# ઝાકળ વતી વાત કરવાના ફાયદા...

કોની સાથે વાત કરવી અને કોનાથી અંતર રાખવું એ માણસની માયાજાળ છે.બોલવું એટલે આમ તો હદયના ભાવ પ્રગટ કરવા..એમાં આમ જોઇએ તો સહજતા હોવી જોઇએ. આમછતાં વ્યવહારમાં આ બાબત કેટલી મુશ્કેલ છે એનો અનુભવ આપણને સહુને થતો રહે છે.વાતચીત પણ એક કળા છે..એના થકી કોઇને પણ અભિભૂત કરી શકાય છે.પોતાના વિચાર કે પોતાના મંતવ્યને અસરકારક રીતે રજૂ કરી શકાય છે.આ માણસથી માણસ વચ્ચે થતા સંવાદ માટેની વાત છે.ઘણીવાર અમુકને વાત કરતાં ના ફાવતું હોય તો એના વતી વાત કરવા કોઇને આગ્રહ કરવામાં આવે છે.કોઇના વતી વાત કરવી એ પણ એક આગવી કળા છે..કોઇ માણસ અન્ય કોઇ થકી વાત કરે એ તો આપણે જોયું હશે..કવિ એનાથી અલગ રીતે વિચારે છે. એ આપણને ઝાકળ વતી વાત કરવાની રીત શીખવાડે છે !

ઝાકળ જેવી ક્ષણાર્ધનું આયુષ્ય ધરાવતી ચીજ વતી વાત કરવાથી શું મળે ? એ કોની કોની સાથે સંવાદ કરી શકે ? એની ભાષા કેવી હોય ?કવિ એના ફાયદા સહિત આ તમામ પ્રશ્નોને સારી રીતે સમજાવતા જાય છે..એમાં એક નજાકત છે આગવો અભિગમ છે.ઝાકળ વતી કેટકેટલી રીતે વાત કરી શકાય..?કોની સાથે કરી શકાય..સૌ પ્રથમ તો જગત જેના થકી ઝાકમઝોળ છે એ સૂર્ય સાથે વાત કરવાનું ઇજન છે.આપણે પોતે એને સૂરજદાદા કહીએ છીએ એમ ઝાકળ પણ સંબોધન કરે તો શું કરે ? એને તો વાચા છે નહીં એટલે આપણે જ વાત કરવી પડે..આ વાતચીત થકી એને શું મળવાનું એની ચિંતા કવિને નથી એ થકી આપણને તેજ ભીની જાત કરી લેવાનો મોકો ઝડપી લેવા એ જણાવે છે..સવારના પહોરમાં ભીનાશના પડ ઉપર સૂર્યકિરણો થકી ચમકતું ઝાકળ જો બની શકાય તો એનાથી મોટી ઉપલબ્ધિ બીજી કઇ હોઇ શકે ?

તૃણને આપણે તુચ્છ ગણતા રહીએ છીએ..હકિકતમાં એની પાસે જે ઐશ્વર્ય છે એ માણસ પાસે નથી. ઘાસની પાસે નિરાંતના શ્વાસ છે. આપણે સહુ રઘવાયા બનીને દોડતા રહીએ છીએ..એની સાથે એકાત્મ સાધતું ઝાકળ તૃણની સજાવટ કરે છે. આપણે પણ જો એની સાથે વાત કરી નિરાંતના આશીર્વાદ પામી શકીએ તો ધન્ય થઈ જવાય.

પુષ્પની સુગંધ સહજ રીતે એનાથી અલગ પડી જગતમાં પ્રસરી જાય છે આપણે આટલી સહજ રીતે આપણી કોઇ સુવાસ વહાવી શકતા નથી.આપણી આ દરિદ્રતા ઉપાય એની સાથે ઝાકળ વધી કરવાથી દૂર કરી શકાય..પુષ્પ ઉપરની એની સવારી એક ખુમારીનું પ્રતિક બની જાય છે..સવારનું પહેલું કિરણ ઝાકળને સોળે કળાએ ઝગમગાટ જાય છે.એ જ એના વિલયનું કારણ પણ બની જાય છે.એટલે કે કોઇ પરમ તત્વ સાથે વિલીન થઈ જવાનું સદભાગ્ય પ્રાપ્ત કરે છે.એક રીતે જોઇએ તો પોતાની જાતની સોગાત ધરીને એ સાહસ જ કરે છે.આપણે પણ કોઇ આવી મનગમતી ચાહત ઝાકળ વતી વાત કરી પામી શકીએ તો જગતનું રહસ્ય આપોઆપ પામી શકીએ.

# મેથ્સની આંટીઘૂંટીઓ એમની આગળ નિ:સહાય હતી

"હાશ.....કેવી સરસ ઠંડક છે અહીં! હવે હું અહીં શાંતિથી મારું કામ કરીશ અને તાજી, શુદ્ધ હવામાં શ્વાસ લઈશ." મનોમન બોલતાં પ્રોફેસર શકુંતલાદેવીએ રૂમમાં સામાન મૂક્યો. પ્રોફેસરને તો સામાનમાં પણ શું હોય? પુસ્તકો, પુસ્તકો અને કેવળ પુસ્તકો!

"મેડમજી, અભી ગરમાગરમ ચાય પીઓગે કે સીધા ખાના હી લે આઉં?" પાછળથી બહાદુરનો અવાજ સંભળાયો. "ચાય હી લે આઓ. અભી મૈં અપના સામાન અરેંજ કરુંગી. ખાના થોડા લેટસે હી ખાઉંગી."

બહાદુરના અવાજમાં થોડો થડકાટ હતો. "મેડમજી, પહાડોમેં રાત જલ્દી હો જાતી હૈ. ઔર ફિર યહાં તો રાતકો કુત્તે ભી બહોત ભોંકતે હૈં." શકુંતલાદેવી હસી પડ્યાં, "ઠીક હૈ. ફિર ખાના હી લે આઓ. જબ તુમ અપની મરજી હી ચલાના ચાહતે હો તો દૂસરા ઓપ્શન હી ક્યોં દેતે હો?" બહાદુર હળવું સ્મિત કરીને ચાલ્યો ગયો.

શકુંતલાદેવીએ અંદરના રૂમની બારી ખોલવા પ્રયત્ન કર્યો. પણ બારી વર્ષોથી ખૂલી ન હોવાથી જામ થઈ ગઈ હતી. એના મિજાગરા પણ કટાઈ ગયા હતા. મહાપરાણે ખૂલી તો ખરી પણ આખી નહીં, અડધી જેવી જ. ઠંડી હવાનું મોજું રૂમમાં ધસી આવ્યું.

શકુંતલાદેવી બારીની બહાર જોઈ રહ્યાં. આ જ ઠંડી, એકાંત અને શુદ્ધ હવા માટે તો એ શહેરની ભીડ-ભાડ છોડીને અહીં આવી પહોંચ્યાં હતાં. નહીં તો અમદાવાદના પોશ વિસ્તારમાં બંગલો, જીવન-જરૂરિયાતની હાજર તમામ ચીજ-વસ્તુઓ અને એશો-આરામ છોડીને અહીં આવવાનું બીજું પ્રયોજન શું હતું?


સ-રસ
મમતા બુચ

શકુંતલાદેવી શહેરની પ્રતિષ્ઠિત કોલેજમાંથી ચારેક વર્ષ પહેલાં અધ્યાપક તરીકે નિવૃત્ત થયાં હતાં. મેથ્સની આંટીઘૂંટીઓ એમની આગળ નિ:સહાય હતી. ગમે તેવો અઘરો ગાણિતિક કોયડો પણ એમની આગળ ઘૂંટણ ટેકવી દેતો. પોતાની ફરજ એમણે હંમેશાં નિષ્ઠાપૂર્વક નિભાવી હતી. પણ કાયમ વિદ્યાર્થીઓથી વીંટળાયેલાં રહેતાં શકુંતલાદેવીને પોતાને ખૂબ જ મન હોવા છતાં સ્વ-અધ્યયનનો સમય ક્યારેય મળ્યો જ નહીં. એમને પોતાને સરળતાથી ગણિત કઈ રીતે સમજવું એની પર અનેક પુસ્તકો લખવાં હતાં પણ નોકરી દરમ્યાન એ ક્યારેય શક્ય બન્યું નહીં.

પોતે, પતિ અને એકમાત્ર દીકરા આદિત્યનો નાનકડો પરિવાર ધરાવતાં શકુંતલાદેવીના નિવૃત્ત થયાના બે વર્ષ બાદ પતિ ટૂંકી માંદગીમાં અવસાન પામ્યા હતા. આદિત્ય તો શકુંતલાદેવીની નિવૃત્તિ પહેલાં જ એન્જીનિયરીંગમાં માસ્ટર્સનું ભણવા જર્મની જતો રહ્યો હતો. પતિના અવસાન બાદ એકલાં પડેલાં શકુંતલાદેવીના મનમાં અધ્યયન કરવાની અને પુસ્તકો લખવાની બાકી રહી ગયેલી ઈચ્છા આળસ મરડીને બેઠી થઈ ગઈ હતી. પોતે અને પતિ સારા હોદ્દા પર હોવાથી પૈસાની કોઈ કમી નહોતી. આદિત્ય જર્મનીમાં પોતાનો ખર્ચો જાતે જ ઉઠાવતો હતો એટલે એની કોઈ ચિંતા એમને હતી નહીં. પણ છતાં અમદાવાદના શોર-બકોર અને ઉનાળામાં પડતી અસહ્ય ગરમીથી એ ત્રાસી જતાં હતાં.

એવામાં આદિત્યે જ એમને સૂચન કરેલું કે આવી રહેલા ઉનાળામાં એ કોઈક હિલસ્ટેશન પર જતાં રહે અને ત્યાં શાંતિથી અધ્યયન અને લેખનકાર્ય કરે. અને એકાદ મહિના પહેલાં આદિત્યએ ઓનલાઈન સર્ચ કરીને હિમાચલપ્રદેશનું આ નાનકડું પણ રમણીય હિલસ્ટેશન શોધી કાઢ્યું હતું. અને ફોન પર એક કોટેજના માલિક સાથે વાત કરીને બધું નક્કી કરી નાખ્યું હતું. એની સાથે એણે ત્રણ મહિના ભાડે રહેવાની વાતચીત કરી લીધી હતી અને મમ્મીને ખાવા-પીવા સહિત તમામ વ્યવસ્થા થઈ જાય એવું એણે ગોઠવી આપ્યું હતું. કોટેજનો માલિક હિમાચલપ્રદેશમાં જ દૂરના મોટા શહેરમાં રહેતો હતો. કોટેજ ખાલી જ પડ્યું હતું. હવે શકુંતલાદેવી અને પુસ્તકો વચ્ચે કોઈ આવે એમ નહોતું.

"મેડમજી, ખાના લગ ગયા હૈ." બહાદુરના અવાજ સાથે શકુંતલાદેવીની વિચારયાત્રા તૂટી. "આઓ બહાદુર, ક્યા લાયે હો?" શકુંતલાદેવીએ ડાઈનિંગ ટેબલની ખુરશી ખેંચી. બહાદુરે પ્રેમથી જમવાનું પીરસ્યું.

બહાદુર હતો પણ મજાનો માણસ. નિસર્ગની નૈસર્ગિકતા એના સ્વભાવમાં ઝળકતી હતી. શકુંતલાદેવી જમી રહ્યાં ત્યાં સુધી એણે જાત-જાતની વાતો કરી. એ જમી રહ્યાં એટલે બહાદુરે ઝડપથી વાસણો ભેગાં કરવાનું શરૂ કર્યું. શકુંતલાદેવી હસ્યાં, "ક્યૂઁ બહાદુર, દેરસે જાઓગે તો તુમ્હારી ઘરવાલી ડાંટેગી? કૌન-કૌન હૈ તુમ્હારે ઘરમેં?"

બહાદુર ધીમેથી બોલ્યો, "એસી બાત નહીં હૈ મેડમજી. પર બાત યે હૈ કિ....યહાં સે થોડી દૂર જો બડા સા મકાન દિખ રહા હૈ વહાં રાતકો અજીબ-અજીબ ઘટનાએં હોતી હૈ. જૈસે....જૈસે કિ લાઈટ અપને આપ ચાલુ હો જાતી હૈ. કિસીકી સીઢીયાં ચઢનેકી આવાઝ આતી હૈ. એક બાત પૂછું, મેડમજી? આપ યહાં અકેલી આઈ હો. આપકો ડર નહીં લગતા હૈ?" શકુંતલાદેવીને આ ભોળા માણસ પર હસવું આવી ગયું. "નહીં બહાદુર, મૈં અકેલી રહનેકે લિયે હી યહાં આઈ હૂઁ."

વાત બદલવા એમણે પૂછ્યું, "તુમ્હારે ઘરમેં ઔર કૌન-કૌન હૈ?" બહાદુર બોલ્યો, "મેરી ઘરવાલી ઔર દો બેટિયાં હૈં." શકુંતલાદેવીએ પૂછ્યું, "બેટિયાં પઢ રહી હૈ?" બહાદુર જરા હસ્યો, "છોટી તો બહોત છોટી હૈ. બડી પઢાઈ કરના તો ચાહતી હૈં પર પઢકે ક્યા કરેગી? મૈં ઔર મેરી ઘરવાલી- દોનોં અનપઢ હૈં." શકુંતલાદેવીના ચહેરા ઉપર ચમક આવી. "અબ જમાના બદલ ગયા હૈ. ઉસે મેરે પાસ ભેજ દિયા કરો. મૈં ઉસે પઢાઉંગી." બહાદુર વિચારમાં પડી ગયો. પછી બોલ્યો, "મૈં આજ શામકો ઉસે આપકે પાસ ભેજુંગા."

સાંજે શકુંતલાદેવી પોતાના લેખનકાર્યમાં મશગુલ હતાં ત્યાં એમનું બારણું ખખડયું. નવ-દસ વર્ષની એક છોકરી હાથમાં ચોપડી અને નોટ-પેન લઈને સસ્મિત ઊભી હતી. શકુંતલાદેવીને જોઈને એ બોલી, "મેરા નામ શારદા હૈ. બાપુને પઢાઈકે લિયે ભેજા હૈ." શકુંતલાદેવીને આ નમણી છોકરી ગમી ગઈ.

અભ્યાસકાર્ય ચાલુ થયું. શારદા ભણવામાં ઘણી તેજસ્વી નીકળી. દરરોજ સાંજે એ બે કલાક ભણી જતી. શકુંતલાદેવીને પણ એને ભણાવ્યાનો આનંદ મળતો અને સમય પણ સરસ પસાર થઈ જતો. શારદાના ગયા પછી બહાદુર જમવાનું લઈને આવતો અને શકુંતલાદેવીને કામમાં મગ્ન જોઈને ચૂપચાપ જમવાનાં વાસણો મૂકીને જતો રહેતો.

એમને એમ બે મહિના વીતી ગયા. એક સાંજે શારદા આવી ત્યારે ખૂબ ખુશ લાગતી હતી. "ટીચરજી, અબ મુઝે લગતા હૈ કિ જિતના મૈં સીખના ચાહતી થી ઉતની પઢાઈ મૈંને કર લી હૈ. આપકા બહુત બહુત ધન્યવાદ." શકુંતલાદેવી હસી પડ્યાં, "અરે, અભી તો બહુત કુછ સીખના બાકી હૈ." શારદા શાંત સ્વરે બોલી, "ટીચરજી, ઈતના સીખનેકી કોશિશમેં તો મુઝે તીસ સાલ લગ ગયે. વો સામને સ્કૂલ દિખ રહા હૈ ના વહાં મૈં પઢને જાતી થી. એક બાર ખેલ-ખેલમેં સ્કૂલકી છતસે મૈં ગિર ગઈ ઔર..... મેરી મૌત હો ગઈ. તબસે......." ફાટી આંખે એને નિહાળી રહેલાં શકુંતલાદેવીને એ પગે લાગી. "મુઝે માફ કરના, ટીચરજી. પઢાઈકે લિયે મૈં જૂઠ બોલી કિ મૈં બહાદુરકી બેટી હૂઁ." એટલું કહીને એ ચાલતી થઈ.

તે પછી આવેલા બહાદુરને માંડ સ્વસ્થ થયેલાં શકુંતલાદેવીએ એની દીકરી વિષે પૂછ્યું ત્યારે માથું ઝૂકાવીને બહાદુર બોલ્યો, "મેડમજી, મુઝે માફ કરના. આપને તો મેરી બેટીકો પઢાઈકે લિયે ભેજનેકો બોલા થા પર મેરી ઘરવાલીને મના કર દિયા થા કિ ઉસે કૌનસા અફસર બનકે નૌકરી કરની હૈ? પર આપ યે આજ ક્યૂઁ પૂછ રહી હૈં?"

કહેવાય છે કે તે પછી પણ એ સ્કૂલના બિલ્ડિંગમાં અજીબો-ગરીબ ઘટનાઓ બને છે પણ હવે એની દિશા બદલાઈ ગઈ છે. ક્યારેક કોઈક અઘરો દાખલો બ્લેકબોર્ડ ઉપર ગણાયેલો જોવા મળે છે તો ક્યારેક કોઈક ગરીબ છોકરીની ફી કોઈ આવીને ભરી જાય છે.

mtabuch150@gmail.com

# પરિવર્તન સંસારનો નિયમ છે - તમને આ સોનેરી વાક્ય સમજાયું?

હમણાં મેં એક મસ્ત પુસ્તક વાંચ્યું. એમાં બે વેંતિયા અને બે ઉંદરની વાત હતી. એ ચારે જણા રોજ એમના ઘરની બહાર નીકળતા અને એક ભુલભુલામણીમાં ફરી ચીઝનાં ટુકડા શોધ્યા કરતા.

બંને ઉંદરો સ્વભાવે તરવરિયા હતા અને જે કોઈ પરિસ્થિતિ ઊભી થાય એનો સ્વીકાર કરી આગળ વધી જતાં. જે બે વેંતિયાં હતા એ સ્વભાવે થોડા વિચારશીલ હતા. એ બધાની પસંદ અલગ હતી. ઉંદરોને થોડું સખત હોય એવું ચીઝ ખોતરીને ખાવાનું પસંદ હતું જ્યારે વેંતિયાઓને નરમ ચીઝ ગમતું. એ ભુલભુલામણીમાં દરેકને એમની પસંદનું ચીઝ મળી રહેતું હતું.

એક વખત એ ચારે જણે સારું એવું ફરી લીધા બાદ પણ ક્યાંય ચીઝ ના મળ્યું ત્યારે ભૂખ્યા જ પાછા ફરી જવું કે હજી આગળ જવું છે, એ સવાલ ઊભો થયેલો. ત્યારે ઉંદરોએ કહ્યું કે, આટલે આવીને પાછા જવું એના કરતા આ નવા રસ્તે થોડું ચાલી નાંખવું બહેતર છે. આવતી કાલે જ્યારે આપણે પાછા અહીં આવીએ ત્યારે ખબર તો હોય કે આ રસ્તે આગળ જવાનું છે કે નહિ?

એ થોડાક આગળ ગયા ને એમની આંખો ફાટી ગયેલી. એમની નજર આગળ ચીઝનો વિશાળ પહાડ ઊભો હતો. અલગ અલગ પ્રકારના કેટલાય ચીઝ ત્યાં હાજર હતા. ચારે જણે પેટ ભરીને ખાઈ લીધું અને સંતોષ સાથે પાછા ફર્યા. બીજે દિવસે એમને ખબર હતી કે ક્યાં જવાનું છે. એ લોકો સીધા જ એ ચીઝના પહાડ વાળી જગ્યાએ પહોંચી ગયેલા. આજે પણ ત્યાં વિપુલ પ્રમાણમાં ચીઝ પડ્યું હતું. એમને બીજે ક્યાંય જવાની જરૂર નહોતી.

હવે આ એમનો નિત્યક્રમ થઈ ગયો હતો. એ રોજ સવારે નીકળતા, ચીઝના ઢગલા વાળી ગલીમાં આવતા, પેટ ભરીને ચીઝ આરોગતા અને પછી પાછા ચાલ્યા જતા. એમને એકવાર પણ એ વિચાર નહોતો આવ્યો કે અહીંયા આટલું બધું ચીઝ આવ્યું ક્યાંથી? વેંતિયાઓ એમના સ્વભાવ મુજબ વિચારવા લાગેલા કે આ ચીઝ એમના નસીબમાં લખેલું હતું અને એ એમને મળી ગયું. ઉંદરો કશું જ નહોતા વિચરતા એ બસ ચીઝ ખાતા અને હજી કેટલો જથ્થો બાકી બચ્યો છે એ જોતા રહેતા. એક દિવસ ઉંદરે કહ્યું કે હવે અહીંનું ચીઝ ઓછું થઈ રહ્યું છે, સ્વાદ પણ બદલાઈ રહ્યો છે, આપણે નવા ચીઝની શોધ ચાલું કરી દેવી જોઈએ. એની વાત સાંભળી વેંતિયાઓએ કહ્યું કે આ ચીઝ આપણા નસીબમાં હતું એટલે આપણને આ લાભ મળ્યો અને એ લાભ આગળ પણ મળતો રહેશે.


નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

બીજે દિવસે એ લોકો ત્યાં પહોંચ્યા ત્યારે ત્યાં ચીઝના થોડાક જ ટુકડા પડ્યાં હતાં. ઉંદરોએ કહ્યું કે હવે નવું ચીઝ શોધવાનો સમય આવી ગયો છે. એમણે થોડી પેટ પૂજા કરી લીધી અને તરત ત્યાંથી નવા રસ્તે નવું ચીઝ શોધવા નીકળી પડ્યા. વેંતિયાઓ માટે આ અનુકૂળ આવી ગયેલી પરિસ્થિતિને છોડીને આગળ વધવું મુશ્કેલ હતું. એમને લાગતું હતું કે આ જે કંઈ થયું એ સારું નથી થયું. એ રોજ અહીં આવતા ત્યારે જે ચીઝનો પહાડ જોવા મળતો હતો એ હજી દેખાવો જોઈએ, રોજ દેખાવો જોઈએ, કોઈ એને દૂર ના કરી શકે. એમણે મનોમન એવું માની લીધેલું કે આ જે વિકટ પરિસ્થિતિ આવી છે એ થોડા સમય પૂરતી જ છે અને ટૂંક સમયમાં એમને અહીંથી જ સરસ ચીઝ મળી રહેશે.

ત્યાં જે પણ ચીઝના ટુકડા પડેલા હતા એ થોડા દિવસોમાં ખલાસ થઈ ગયા. નવું ચીઝ આવ્યું નહીં ને બંને વેંતિયાઓને ભૂખ્યા રહેવાના દિવસો આવ્યા ત્યારે એમાંના એકે કહ્યું, "તને નથી લાગતું કે આપણે પણ હવે નવા ચીઝની શોધ કરવી જોઈએ?" ત્યારે બીજા વેંતિયાએ એની વાતનો ઈનકાર કરતા કહ્યું કે હું અહીં જ રહેવાનો છું. આગળ જતાં નવી ગલીઓમાં ભૂલા પડી જવાનો ભય છે જ્યારે આ ગલી મારી જાણીતી છે. હું અહીંયાથી ક્યાંય જવાનો નથી.

બીજા થોડા દિવસો બંને ભૂખ્યા રહેવું પડ્યું ત્યારે એક વેંતિયાને થયું કે ખાધા વગર કેટલા દિવસો જીવિત રહી શકાય? એણે વિચાર્યું કે હું જો અહીં બેઠો રહીશ તો ચીઝ મળશે કે નહીં એની કોઈ ખબર નથી પણ હું જો બહાર નીકળીને નવા રસ્તે ચીઝ શોધીશ તો કદાચ એ મળી જશે. આ જગ્યાએ આવ્યા પહેલા પણ અમે લોકો એમ જ રોજ શોધખોળ કરતા હતા અને પેટ ભરવા જેટલું મળી રહેતું હતું. એણે એમાં મિત્રને આગળ વધી નવું ચીઝ શોધવા સમજાવ્યો પણ એ ના માન્યો ત્યારે એ એકલો નીકળી પડ્યો...

નવા રસ્તે એને ઘણો ડર લાગ્યો. કેટલીય વાર થયું કે પાછો વળી જાય ત્યાં ચીઝ મળે ના મળે મિત્ર તો મળશે પણ પાછા જવામાં એને મોતનો ભય દેખાયો અને એ આગળ વધતો રહ્યો. મનને રાજી કરવા એણે પછી કલ્પના કરવા માંડી કે આગળની ગલીમાં જતા જ એને નવું ચીઝ મળી આવ્યું છે અને પોતે એને ચાવી રહ્યો છે. આવી કલ્પના કરતા એને સારું લાગ્યું અને એ આગળ વધ્યો. એને નાના નાના કેટલાક ચીઝના ટુકડા મળતા રહ્યા. હવે એને થયું કે હું જો એ જ જૂની જગાએ બેઠો રહ્યો હતો તો અત્યારે એટલો અશક્ત થઈ ગયો હોત કે ચાલવાના પણ હોશ ના હોત પણ એવું નથી થયું. હું નવા રસ્તે આગળ વધ્યો અને મને પેટ ભરવા જેટલું તો મળી ગયું. હજી આગળ જતાં કદાચ વધારે પ્રમાણમાં પણ મળી જાય.

હવે એ વેંતિયાના મનમાંથી આગળ વધવાનો ડર ચાલ્યો ગયો હતો. પોતે મુરખાની જેમ ત્યાં કોઈ આવીને એને માટે નવું ચીઝ મૂકી જશે એવો વિચાર કરતો બેસી રહ્યો હતો એ વિચાર પર એને હવે હસવું આવી રહ્યું હતું. પોતે પણ જો ઉંદરો સાથે જ નીકળી ગયો હોત તો સારું હતું એમ વિચારી એણે નવા રસ્તે આગળ વધી ચીઝની શોધ કરવાનું ચાલું રાખ્યું અને પછી એક દિવસ એને ફરી ચીઝનો વિપુલ જથ્થો મળી ગયો.

એણે જોયું કે એના મિત્ર ઉંદરો પહેલેથી જ એ નવી જગ્યાએ હાજર હતા. એમની તંદુરસ્તી કહી રહી હતી કે એ લોકોને આ જથ્થો કેટલાય વખત પહેલાં મળી ગયો હતો. એમણે હસીને વેંતિયાનું સ્વાગત કર્યું અને બધા નવું તાજું ચીઝ આરોગવા લાગ્યા.

આ વખતે પાછા ગયા બાદ વેંતિયાએ ફરી એના પેલા જૂના મિત્ર પાસે જઈ કહ્યું કે અમે ચીઝનો નવો જથ્થો શોધી લીધો છે તું પણ કાલથી મારી સાથે ત્યાં આવી જજે. એ મિત્ર ના માન્યો અને પોતાની જીદ પર અડી રહ્યો. એને હજી વિશ્વાસ હતો કે એને ત્યાંથી જ નવું ચીઝ મળશે.

બંને ઉંદરો સાથે આ આગળ વધી ગયેલો વેંતિયો હાલ ખુશ છે. એણે પણ હવે ઉંદરોની જેમ ચીઝના જથ્થા અને ક્વોલિટી પર નજર રાખવાનું શીખી લીધું છે અને અહીંયા કોઈ બદલાવ આવે તો તરત નવા માર્ગે નીકળી પડવા એ તૈયાર છે. પેલા જૂના મિત્રનું શું થયું એ વિશે કોઈ જાણકારી નથી મળી.

આટલે સુધી વાંચ્યું ને...હવે તમે આ વાર્તા અને એના પાત્રો સાથે તમને પોતાને જોડી જુઓ. તમારું ચીઝ એટલે શું... એ તમારો ધંધો, સંબંધ કે બીજું ગમ્મે તે હોય શકે છે. તમે આ ચારમાંથી કોના જેવા છો કે કોના જેવું બનવા ધારશો?

**અમસ્તું,**

ડૉ. સ્પેન્સર જોહ્નસન લિખિત પુસ્તક "હૂ મૂવ્ડ માય ચીઝ" એકવાર વાંચવા જેવું ખરું.

@Niyati Kapadia

# જિંદગીના રસ્તા સીધા અને સરળ હોય છે, પણ મનના વળાંકો જ બહું નડે છે

*શિશિર તણે પગલે વૈરાગી ,*
*વસંત આ વરણાગી !*
*એક ખેરવે વસ્ત્ર પુરાતન*
*બીજો મખમલ ઓઢે*
*એક ઉભો અવધૂત દિગંબર ,*
*અન્ય પુષ્પમાં પોઢે !*
*શીતલ એક હિમાલય સેવી*
*અન્ય જગત અનુરાગી !*
*વસંત આ વરણાગી !*

*- પ્રજારામ રાવળ*

★ ★ ★ ★

આપણે ત્યાં માણસ બે પાંદડે થાય ત્યારે લોકો કહેતાં હોય છે, તેના જીવનમાં વસંત આવી. અને જ્યારે ધન ધાન્ય ઓછું થાય તો કહે, એના જીવનમાં પાનખર બેઠી..આમ પરાપૂર્વથી વસંત સુખ સમૃદ્ધિ નો પર્યાય બન્યો છે.જો કે " પાનખર " શબ્દ કોણે ઘડ્યો હશે એ વિચારણીય ખરો, પરન્તુ એનું ખરું નામ તો ' શિશિર ' છે.

અહીં ઋતુ ઓની વાત કરીએ છીએ ત્યારે બહુજન સમુદાય ને મોંઢે તો - શિયાળો , ઉનાળો , ચોમાસુ...પણ આ ત્રણ નહીં , ભારત તો ૬ ઋતુ ઓનો દેશ છે...હેમંત , શિશિર ,વસંત, ગ્રીષ્મ , વર્ષા અને શરદ...ભલે, ઋતુ ઓ ભૂલી જઈએ પણ એ થોડી મટી જાય ! આપણાં તહેવારો ય ઋતુ ઓની યાદ દેવડાવે એવા છે.. જુઓ વસંત માં હોળી , વર્ષા માં જન્માષ્ટમી , શરદ માં નવરાત્રિ ને શરદપૂર્ણિમા આવે... આ બધું ધીરે ધીરે ભુલાતું ભૂસાતું જાય છે...આપણને તો હવે અંગ્રેજી મહિના ને તારીખો કોઠે પડી ગયાં છે. કારતક થી આસો કે એકમ થી પૂનમ - અમાસ ની તિથિઓ વાળું ભારતીય કેલેન્ડર બધાં ને જૂનું ને દેશી લાગવા માંડ્યું છે. એને આધારિત વ્યવહારો પણ બંધ થયાં છે..માત્ર સારા - માઠા પ્રસંગે ખપ પુરતો ઉપયોગ રહ્યો છે.

દોસ્તો, આપણું ભારતીય કેલેન્ડર તો અપડેટેડ અને એડવાન્સ છે..જરા અભ્યાસ કરી જોજો..એને ધ્યાન માં રાખી જીવન પ્રણાલિ ગોઠવીએ તો ઉત્તમ સ્વાસ્થ્ય જળવાઈ રહે...એની ખૂબી સંક્ષિપ્તમાં જોઈએ..એક સંવત્સર એટલે વર્ષના ૬ વિભાગ જે છ ઋતુ ગણાય છે. તેને બે ભાગમાં વિભાજીત કરતાં એક આદાન કાળ અને બીજો વિસર્ગ કાળ.. આદાન કાળ આપણું બળ ધીરેધીરે લઈ લે છે અને વિસર્ગકાળ આપણને ધીરેધીરે બળ આપે છે. હવે સૂર્યની ઉત્તર તરફનીગતિ એટલે ઉત્તરાયણ..જેમાં શિશિર ,વસંત અને ગ્રીષ્મ...આ ત્રણ ઋતુમાં બળ ઘટે છે.એમ સૂર્યની દક્ષિણ તરફની ગતિ - દક્ષિણાયન - વિસર્ગ કાળ - વર્ષા, શરદ , હેમંત ...આ ત્રણ ઋતુમાં બળ ઉત્તરોત્તર વધે છે.આ ઋતુઓ માં આયુર્વેદ નિર્દીષ્ટ અને નિષિદ્ધ આહાર વિહાર અપનાવીએ તો " સો શરદ " ના આશીર્વાદ ફળે...!!

પ...ણ... કમનસીબી એ છે કે પોતીકું ભૂલી પારકી ઘેલછામાં અટવાયા... આજે ભૌતિક સન્મુખ બનેલો માણસ ઋતુ વિમુખ બની ગયો છે..પછી એ " વસંત વિજય " કે " વસંત વિલાસ " જેવાં કાવ્યો વાંચી, ભણી લે કે ભણાવી લે તેથી વસંતને પામી પામી શકે ખરો ???! સાચે જ આપણી જીવન રીતિ જ એવી થઈ ગઇ કે આપણે પ્રકૃતિથી જોજનો દુર હડસેલાઇ ગયા છીએ.આપણે ફરવા જઈએ...વન ભ્રમણ કરીએ પણ આપણાં પ્રયોજનોકંઇ બીજાં જ હોય છે. આધિ , વ્યાધિ ને ઉપાધિમાં સબડતો આધુનિક નગરજન ને કુદરત સાથે તો નાવા - નીચોવા નોય સંબંધ રહ્યો નથી, એ તો નર્યો સ્વાર્થધ છે, ઈન્દ્રિયજડ ને સંવેદન બધિર થઈ ગયો છે..એને પ્રકૃતિનો સ્પર્શ ક્યાંથી સ્પર્શે ??


લાગણીનો મેળો
રસિક વાળંદ

મિત્રો, આપણી સંસ્કૃતિની પુરાતન બાબતો વિશે વાંચીએ, જાણીએ ત્યારે એટલું અવશ્ય સમજાય કે આપણે ઊંધે પાટે દોડી રહ્યાં છીએ...ચાર - છ દાયકા પૂર્વે આજના જેવી સુખ સુવિધા કે આધુનિક ટેક્નોલોજી નહોતી ત્યારે અભાવોની વચ્ચે સાચકલું જીવન જીવતાં.એમનું જીવન યંત્રવત નહોતું.પ્રકૃતિની વચ્ચે રહી ખીલતા, ખુલતા ને ખરતાં સૌંદર્યને:સમજવાની, જોવાની ને માણવાની તત્પરતા રહેતી. એમની પાસે દૃષ્ટિ હતી.પ્રકૃતિ એમનાં જીવનનું અભિન્ન અંગ હતુ.એમને પર્યાવરણ બચાવો કે પ્રકૃતિ જાળવણી ના સોગંદ લેવા નહોતા પડતાં.પ્રકૃતિ જ એમનું વિશ્વ હતું.

મણિલાલ હ. પટેલ ના શબ્દોમાં ' હવે ગામડાં ય શહેર પહેરીને મ્હાલે છે. યંત્રો વચ્ચે જીવતો માણસ ખુદ યંત્રવત લાગણી શૂન્ય, જડસું બની શ્વસી રહ્યો છે. આધુનિકીકરણમાં યંત્રોના અતિક્રમણે પ્રકૃતિ, પર્યાવરણ ને ખેતીનો ચહેરો બેડોળ - વિ- રુપ કરી દીધો છે.વર્તમાને આપણી મૂળ ઓળખ ભૂંસી નાખી છે...ઝૂંટવી લીધી છે...એ કોણ પાછી લઈ આપશે ??!!આપણા આયુર્વેદે પણ વસંતમાં વન ભ્રમણનું મહત્વ દર્શાવ્યું છે. અરે.., જાપાનમાં તો " શીનટીન યોકુ " - જંગલ સ્નાન - નામની ઉપચાર પધ્ધતિ જંગલ થેરપીનું ચલણ વધ્યું છે.. વસંત સાદ કરે છે ..હવે પ્રકૃતિ તરફ પાછા વળો...

છેલ્લે જીવન સારી રીતે જીવવા બુદ્ધિ - જ્ઞાનની જરૂર પડે છે એટલે જ વસંતમાં આપણી વેદકાલીન પ્રસ્થાપિત પરંપરા મુજબ જ્ઞાનદાત્રી સરસ (વિદ્યા ) વતી (યુક્ત) મા શારદાનું પૂજન અર્ચન કરીએ છીએ. વસંત તો કલ્યાણક છે..સર્વનું શુભ મંગલ કરનારા વસંતને વિસરી ' વેલેન્ટાઈન ' ના રવાડે ચડેલી પ્રજાને આ સત્ય ક્યારે સમજાશે..??!!

**સ્પર્શમણિ**

● ● ●

***સમય આવે ત્યારે બધાનું ધ્યાન રાખજો પરન્તુ કોઈને ધ્યાનમાં ન રાખશો.***

● ● ●

***જિંદગીના રસ્તા સીધા અને સરળ હોય છે,પણ મનના વળાંકો જ બહું નડે છે.***

● ● ●

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949